# જમ્મુ કાશ્મીરમાં રાજ્યપાલ શાસન

નવી દિલ્હી,તા. ૯

જમ્મુ કાશ્મીરમાં સરકાર રચવામાં તમામ રાજકીય પક્ષો નિષ્ફળ જતા કોઈ વિકલ્પ ન રહેતા આખરે રાજ્યમાં રાજ્યપાલ શાસન લાદી દેવામાં આવ્યું છે. આ સંદર્ભમાં આદેશ જારી કરવામાં આવી રહ્યું છે. જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ ગઈકાલે મોડીરાત્રે રાજ્યપાલ એનએમ વોરાને કહી દીધું હતું કે, તેઓ વધુ સમય સુધી રખેવાળ મુખ્યમંત્રી તરીકે ચાલુ રહેવા ઈચ્છુક નથી. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના આદેશ પર જમ્મુ કાશ્મીરમાં રાજ્યપાલ શાસન લાદી દેવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારની ભલામણ બાદ રાષ્ટ્રપતિએ આની મંજુરી આપી હતી. બંધારણીય નિષ્ણાત સુભાષ કશ્યપ દ્વારા આ મુજબની માહિતી અપાઈ છે. અગાઉ જમ્મુ કાશ્મીરમાં સરકારની રચનોને લઈને રાજકીય મડાગાંઠનો કોઈ ઉકેલ ન આવતા રાજ્યપાલ શાસન માટેનો તખ્તો ગોઠવાઈ ગયો હતો. જટિલ પ્રક્રિયા અને દુવિધા વચ્ચે અગાઉ રાજ્યપાલ એનએન વોરાએ રાજ્યમાં રાજકીય મડાગાંઠ અંગે કેન્દ્ર સરકારને અહેવાલ મોકલી દીધો હતો જેમાં જણાવવામાં આવ્યું હતું કે કોઈ પણ પાર્ટી સરકારની રચના કરવાની સ્થિતીમાં નથી. ઓમર અબ્દુલ્લાએ રખેવાલ મુખ્યપ્રધાન તરીકે તેમને દુર કરવાની વિનંતિ કરવામાં આવ્યા બાદ વધારે ગુંચ ઉભી થઈ ગઈ હતી. ગૃહ મંત્રાલયના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરમાં જમીની સ્થિતી રાજકીયરીતે જટિલ છે. સરકારની રચના કરવા કોઈ પાર્ટી અથવા તો ગઠબંધન આગળ ન આવે ત્યાં સુધી રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવા માટે રાજ્યપાલે ભલામણ કરી દીધી હતી. રાજ્યમાં ૨૦મી ડિસેમ્બરના દિવસે ચૂંટણી પૂર્ણ થઈ હતી. જ્યાં જટિલ રાજકીય સ્થિતી સર્જાઇ હતી. કોઈ પણ પાર્ટીને બહુમતિ મળી ન હતી. પીડીપી સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરીને આવી હતી. પાર્ટીએ ૨૮ બેઠકો જીતી હતી. જ્યારે ભાજપે ૨૫ બેઠકો જીતી હતી. નેશનલ કોન્ફરન્સે ૧૫ અને કોંગ્રેસે ૧૨ બેઠકો જીતી હતી. ભાજપ અને પ્રાદેશિક પક્ષો વચ્ચે સરકારની રચના કરવાના મામલે સતત વાતચીત ચાલી રહી હોવા છતાં સમસ્યાનો ઉકેલ આવી રહ્યો નથી. પીડીપી અને અન્ય પક્ષો પણ વાતચીતમાં નિષ્ફળ રહ્યા હતા. બુધવારે મડાગાંઠ વધારે ગંભીર બની હતી. કારણ કે અબ્દુલ્લાએ રખેવાળ મુખ્યમંત્રીતરીકેની જવાબદારીમાંથી તેમને મુક્ત કરવાની અપીલ કરી હતી. ૧૯મી જાન્યુઆરી સુધી સરકાર રચવાની અવધિ હતી પરંતુ કોઈ વિકલ્પ દેખાઈ રહ્યા નથી. રાજ્ય વિધાનસભાની અવધિ ૧૯મી જાન્યુઆરીના દિવસે પુરી થઈ રહી છે.



# આઈઆઈએમ બેંગલોર દ્વારા ફીમાં નોંધપાત્ર વધારો ઝીંકાયો

મુંબઈ,તા. ૯

આ વર્ષે આઈઆઈએમ બેંગલોરમાં પ્રવેશ લેવા માટે ઈચ્છુક રહેલા વિદ્યાર્થીઓને બે વખત વિચારણા કરવી પડશે. કારણ કે આઈઆઈએમ બેંગલોર દ્વારો તેની ફીમાં ૧૦ ટકા સુધીનો ઉલ્લેખનીય વધારો કરવામાં આવ્યો છે. આની સાથે જ તેની ફી સૌથી વધારે થઈ ગઈ છે. તમામ આઈઆઈએમમાં સૌથી વધુ ફી હેવે બેંગલોરની સંસ્થાની થઈ છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે મેનેજમેન્ટમાં ફ્લેશશીપ પોસ્ટ ગ્રેજુએટ પ્રોગ્રામ માટે ફી સેશન ૨૦૧૫-૧૭ માટે ૧૮.૭ લાખ રૂપિયા થઈ ગઈ છે. જેના માટે પ્રવેશની પ્રક્રિયા હવે ટુંક સમયમાં શરૂ કરવામાં આવનાર છે. આ વધારાની સાથે જ આઈઆઈએમ બેંગલોર દેશમાં સૌથી વધુ ફી ધરાવનાર આઈઆઈએમ છે. અમદાવાદ, કોલકત્તા અને લખનૌ કરતા તેની ફી વધારે થઈ ગઈ છે. તેની ફીમાં આઈઆઈએમ અમદાવાદ દ્વારા ૧૧ ટકાનો વધારો કરવામાં આવ્યા



બાદ તેની ફીમાં બેંગલોર દ્વારા વધારો કરવામાં આવ્યો છે. અમદાવાદ સંસ્થાની ફી ૧૬.૬ લાખથી વધીને ૧૮.૫ લાખ કરી દેવામાં આવી હતી. ગયા વર્ષે આઈઆઈએમ કોલકત્તા દ્વારા ફીમાં વધારો કરવામાં આવ્યો હતો. તેની ફી ૧૬.૨ લાખ કરવામાં આવી હતી. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં જ અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે બેંગલોરની સંસ્થા તેની ફીમાં વધારો કરશે. આ સંસ્થાએ વર્ષ ૨૦૧૩માં તેની પીમાં છ ટકાનો વધારો કર્યો હતો. જેથી તેની ફી ૧૬.૦૩ લાખથી વધીને ૧૭ લાખ રૂપિયા થઈ હતી. નવી આઈઆઈએમ દ્વારા પણ માર્ચ સુધી ફીમાં વધારો કરવામાં આવે તેવી શક્યતા છે.

# મિત્તલ-રુઈયો વિરૂદ્ધ આરોપી તરીકે સમન્સ હુકમ ફગાવાયો

નવી દિલ્હી, તા.૯

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે વધારાના સ્પેક્ટ્રમ ફાળવણી કેસમાં ભારતી એરટેલના સીએમડી સુનિલ ભારતી મિત્તલ અને એસ્સાર ગ્રુપના પ્રમોટર રવિ રુઇયાને આરોપી તરીકે સંમસ આપવાના નિચલી કોર્ટના આદેશને ફગાવી દીધો હતો. આની સાથે જ આ બે મોટી હસ્તીઓને રાહત થઇ છે. ભારતી અને રુઇયા વર્ષ ૨૦૦૨માં એનડીએના શાસન દરમિયાન વધારાના સ્પેક્ટ્રમની ફાળવણી સાથે સંબંધિત ભ્રષ્ટાચારના કેસમાં આરોપી તરીકે છે. સુપ્રીમે કહ્યું હતું કે, ટ્રાયલ જજ રેકોર્ડ ઉપર જો કોઇ પુરાવા હાથ લાગે તો તેમની સામે સમન્સ જારી કરવા સ્વતંત્ર છે. સુપ્રીમે ઠેરવ્યું હતું કે, મિત્તલ અને રુઇયાને આરોપી તરીકે સમન્સ જારી કરવાની બાબત કાયદાકીય સિદ્ધાંત અયોગ્ય છે. ચીફ જસ્ટિસ એચએલ દત્તુ, જસ્ટિસ મદન લાકુર અને કે સિકરીની બનેલી ત્રણ જજની બેંચે ચોથી ડિસેમ્બર સુધી તેનો ચુકાદો અનામત રાખ્યો હતો.

અગાઉ કોર્પોરેટ હસ્તીઓ અને સીબીઆઈ માટેના વકીલની દલીલો સાંભળવામાં આવી હતી. સીબીઆઈએ પૂર્વ ટેલિકોમ સેક્રેટરી શ્યામલ ઘોષ અને ત્રણ ટેલિકોમ કંપની ભારતી સેલ્યુલર લિમિટેડ, હટીસન મેક્સ જે હવે વોડાફોન તરીકે ઓળખાય છે અને સ્ટર્લિંગ સેલ્યુલર લિમિટેડ જે હવે વોડાફોન મોબાઇલ સર્વિસ લિમિટેડ તરીકે ઓળખાય છે. તેમની સામે ચાર્જશીટ દાખળ કરવામાં આવી હતી. અગાઉ એસ્સારગ્રુપના પ્રમોટર રવિ રુઇયાએ કહ્યું હતું કે, તેઓ દરરોજની બાબતો સાથે જોડાયેલા નથી જેથી તેની સામે સમન્સ જારી કરવાની બાબત અયોગ્ય છે.

# ઉથલપાથલના સત્ર વચ્ચે આખરે સેંસેક્સ ૧૮૪ પોઈન્ટ અપ રહ્યો

મુંબઈ,તા. ૯

શેરબજારમાં આજે તેજીનું મોજુ રહ્યું હતું. કારોબારના અંતે આઈટીની મહાકાય કંપનીમાં લેવાલી વચ્ચે શેરબજાર તેજી સાથે બંધ રહ્યો હતો. સેંસેક્સ ૧૮૪ પોઇન્ટ સુધરીને ૨૭૪૫૮ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૫૦ પોઇન્ટ સુધરી ૮૨૮૪ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં ફ્લેટ કારોબાર રહ્યો હતો. મિડકેપ ઇન્ડેક્સમાં યથાસ્થિતિ રહી હતી. જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સમાં ૦.૧ ટકાનો ઉછાળો રહ્યો હતો. બેંગ્લોર સ્થિત ઇન્ફોસીસના આંકડા આજે જારી કરવામાં આવ્યા હતા. શેરબજારમાં ઉથલપાથલના કારોબારી સેશન વચ્ચે અંતે ઉછાળો રહ્યો હતો. બીએસઇ આઈટી ઇન્ડેક્સમાં ૩.૫ ટકાનો સૌથી મોટો ઉછાળો રહ્યો હતો. ઓઇલ એન્ડ ગેસ, કન્ઝ્યુમર ડ્યુરેબલ, ટેક અને હેલ્થકેર જેવા કાઉન્ટરો ઉપર ૧-૨ ટકા વચ્ચેનો સુધારો રહ્યો હતો જ્યારે રિયાલીટી જેવા સેક્ટરમાં ૧.૪ ટકાનો ઘટાડો રહ્યો હતો. પાવર, મેટલ, કેપિટલ ગુડ્ઝ અને બેંક જેવા કાઉન્ટરોમાં ૦.૩-૦.૯ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. ટેકનોલોજી કંપનીઓના શેરમાં આજે માંગ જોવા મળી હતી. કારણ કે ઇન્ફોસીસના પરિણામ અપેક્ષા કરતા સારા રહ્યા હતા. ટીસીએસ, વિપ્રો, ટેક મહિન્દ્રા, સીએમસીના શેરમાં ઉલ્લેખનીય તેજી રહી હતી. સેંસેક્સમાં આજે જે શેરમાં મોટો સુધારો રહ્યો હતો તેમાં એચયુએલ, ડો. રેડ્ડી લેબ, ઓએનજીસી, સિપ્લા, તાતા મોટર્સ અને આરઆઈએલનો સમાવેશ થાય છે. ફાર્મા કંપનીઓના શેરમાં પાંચ ટકા સુધીનો સુધારો જોવા મળ્યો હતો. ગુજરાતની ફાર્મા કંપનીમાં ૧૦૦૦ કરોડનું રોકાણ કરવાની યોજના ભારતીય અને વૈશ્વિક કંપનીઓ ધરાવે છે. તાતા સ્ટીલમાં ૧.૨ ટકાનો ઉછાળો નોંધાયો હતો. કારણ કે, ગ્લોબલ રેટિંગ એજન્સી મૂડીએ તાતા સ્ટીલના રેટમાં અપગ્રેડ કર્યો છે. એનટીપીસી, બજાજ ઓટો, આઈસીઆઈસીઆઈ બેંક, આઈટીસી, સેસા સ્ટરલાઇટ અને એક્સિસ બેંકમાં ૧.૩-૩ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. માર્કેટબ્રીડ્થ નકારાત્મક રહી હતી. ૧૫૪૫ શેરમાં મંદી અને ૧૩૪૭ શેરમાં તેજી રહી હતી. વૈશ્વિક બજારોમાં ઉથલપાથલની સ્થિતિ જોવા મળી હતી. શાંઘાઈ કમ્પોઝિટમાં ૨ ટકાનો અને હોંગકોંગના ઇન્ડેક્સમાં ૧.૨ ટકાનો ઉછાળો નોંધાયો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગુરૂવારે છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલી મંદી ઉપર બ્રેક મુકાઈ ગઈ હતી. ગઇકાલ ગુરુવારે કારોબારના અંતે વૈશ્વિક બજારમાં તેજી વચ્ચે શેરબજારમાં પણ તેજી રહી હતી. ગઇકાલે સેંસેક્સ ૩૬૬ પોઇન્ટ ઉછળીને ૨૭૨૭૫ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૩૩ પોઇન્ટ ઉછળીને ૮૨૩૫ની સપાટીએ રહ્યો હતો. વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોએ બુધવારના દિવસે ૧૦૭૩.૧૮ કરોડની કિંમતના ઇક્વિટી શેરનું વેચાણ કર્યું હતું. તમામ સેક્ટરલ ઇન્ડેક્સ ગઇકાલે તેજીમાં રહ્યા હતા.

# મેક ઇન ઇન્ડિયાને પ્રોત્સાહન આપવા ડ્યુટીમાં કાપ મુકાશે

નવી દિલ્હી,તા. ૯

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા માટે આગામી દિવસોમાં શ્રેણીબદ્ધ જાહેરાત કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. નરેન્દ્ર મોદી મેક ઈન ઈન્ડિયાની જાહેરાત કરી ચુક્યા છે ત્યારે તેમની જાહેરાતને અસરકારક બનાવવા માટે મોદી સરકાર બજેટમાં કેટલીક જાહેરાતો કરે તેવી શક્યતા છે. મોદીએ જાહેરાત કર્યા બાદ હવે મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે વિવિધ પગલા પર વિચારણા ચાલી રહી છે. જો કે તમામ જાહેરાત બજેટમાં જ કરવામાં આવનાર છે. સ્થાનિક બિઝનેસ લીડરો માની રહ્યા છે કે રો મેટેરિયલ અને અન્ય ઘટકો પર આયાત ડ્યુટીના કારણે અંતિમ ચીજવસ્તુઓના ખર્ચમાં વધારો થઈ રહ્યો છે. જેથી વૈશ્વિક બજારમાં ગળા કાપ સ્પર્ધામાં ટકી રહેવા માટે ભારતીય પેદાશો પર ડ્યુટીમાં ઘટાડો કરવામાં આવે તે જરૂરી છે. સરકાર તમામ બાબતોની દિશામાં ધ્યાન આપી રહી છે. સરકાર ઈનવર્ટેડ ડ્યુટી માળખાની તકલીફમાં પણ ધ્યાન આપી રહી છે. આ માળખા હેઠળ સ્થાનિકરીતે તૈયાર કરવામાં આવેલી ચીજો આયાત કરવામાં આવેલી ચીજો કરતા વધારે મોંઘી રહે છે. સ્પેશિયલ એડિશનલ ડ્યુટીને તર્કસંગત બનાવવા પર બજેટમાં ધ્યાન આપવામાં આવી શકે છે. એસએડી હાલમાં ચાર ટકા છે. જો કે કેન્દ્રિય સેલ્સ ટેક્સ એસએડી કરતા ખુબ ઓછો છે. સપ્ટેમ્બર મહિનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મેક ઈન ઈન્ડિયાની જાહેરાત કરીને તમામને રોમાંચિત બનાવી ચુક્યા છે. આ દિશામાં હવે ઝડપી પગલા લેવામાં આવી રહ્યા છે. મોદીએ વિવિધ પગલા મારફતે ભારતેને મેન્યુફેક્ચરિંગ પાવરહાઉસ બનાવી દેવાની વાત કરી ચુક્યા છે. રોકાણ આડે આવતી તકલીફોને દુર કરવામાં આવી રહી છે. સમગ્ર પ્રક્રિયા અને ધારાધોરણ હળવા કરવામાં આવી રહ્યા છે. સરકાર ભારતના જીડીપીમાં મેન્યુફેક્ચરિંગની હિસ્સેદારી વર્તમાન ૧૮ ટકાથી વધારીને ૨૫ ટકા સુધી કરવાની યોજના ધરાવે છે. આગામી ૧૦ વર્ષ માટે આ યોજના તૈયાર કરવામાં આવી છે.

# આસામ : છ બળવાખોરો હથિયારોની સાથે પકડાયા

ગુવાહાટી, તા. ૯

નેશનલ ડેમોક્રેટિક ફ્રન્ટ ઓફ બોડોલેન્ડના છ બળવાખોરો આજે આસામના કોકરાઝાર જિલ્લામાંથી ઝડપાઈ ગયા હતા. તેમની પાસેથી મોટી માત્રામાં મોતનો મસાલો કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, ગુરુવારે મોડીરાત્રે ઓપરેશન હાથ ધરવામાં આવ્યા બાદ તેમની ધરપકડ કરી લેવાઈ હતી. આ લોકો કોકરાઝારમાં લોકોની હત્યામાં સામેલ હતા. સુરક્ષા દળોએ તેમની પાસેથી ચાર પિસ્તોલ, એકે ૪૭ રાયફલ, ગ્રેનેડ અને અન્ય હથિયારો કબજે કર્યા હતા. ઝડપાયેલા બળવાખોરો પૈકીના બેની ઓળખ કરી લેવામાં આવી છે જે ૨૩મી ડિસેમ્બર ૨૦૧૪ના દિવસે કોકરાઝારમાં થયેલા હત્યાકાંડમાં સીધીરીતે સામેલ હતા. બળવાખોર સંગઠનના કોકરાઝાર યુનિટના ડેપ્યુટીની ધરપકડ કરવામાં આવી છે.

# શરણે થવા જેલ પહોંચેલ સંજય દત્ત આખરે પરત

મુંબઈ, તા.૯

મુંબઈ સિરિયલ બ્લાસ્ટ કેસમાં અપરાધી જાહેર થયેલા અભિનેતા સંજય દત્ત આજે ૧૪ દિવસના ફરલોહની અવધિ પૂર્ણ થયા બાદ શરણાગતિ સ્વીકારવા જેલ જવા રવાના થયો હતો પરંતુ જેલમાં પહોંચ્યા બાદ ઘરે પરત ફર્યો હતો. કારણ કે, ગેરહાજરીની અરજીને લંબાવવાની માંગ કરતી તેની



અરજી ઉપર જેલ અને પોલીસ સત્તાવાળાઓ વચ્ચે સંકલનનો અભાવ દેખાયો હતો. આજે બપોરે સંજય દત્ત તેના એક મિત્ર સાથે પુણે જેલમાં પહોંચ્યો હતો જ્યાં એવા સમાચાર આવ્યા હતા કે, સંકલનના અભાવથી કેટલાક મામલા પેન્ડિંગ રહેલા છે. ફરલોહને લંબાવવાની માંગ કરતી તેની અરજી હજુ પેન્ડિંગ રહેલી છે. સંજય દત્તના વકીલ હિતેશ જૈન દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી હતી. વધુ ૨૪ કલાક સુધી હવે રાહ જોવી પડે તેવી શક્યતા દેખાઈ રહી છે. હવે સંજય દત્ત આવતીકાલે શરણાગતિ સ્વીકારે તેવી શક્યતા દેખાઈ રહી છે. સંપર્ક કરવામાં આવતા પુણે જેલમાં ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ રાજેન્દ્રએ માહિતી આપતી હતી કે, ફરલોહ લંબાવવા માટે કારણ તરીકે સંજય દત્તે ખરાબ આરોગ્યની વાત કરી હતી જેથી કારણમાં ચકાસણી કરવા પોલીસને કહેવામાં આવ્યું હતું. માહિતી મેળવવા લોકોને પણ મોકલવામાં આવ્યા હતા પરંતુ સ્થાનિક પોલીસ તરફથી કોઈ જવાબ મળી શક્યો નથી. મુંબઈમાં તમામ ૯૩ પોલીસ સ્ટેશનનો હવાલો સંભાળનાર જોઈન્ટ પોલીસ કમિશનર ધંનજય કમલાકરે કહ્યું હતું કે, સંજય દત્ત સાથે સંબંધિત કોઈપણ બાબતની ચકાસણી કરવા જેલ સત્તાવાળાઓ તરફથી કોઈ માહિતી મળી નથી. દત્તના ફરલોહને લંબાવવા અંગે ગૃહપ્રધાન રામ શિંદે દ્વારા કોઈ નિર્ણય કરાયો નથી. જો કે, પ્રધાને આ સંદર્ભમાં પુછવામાં આવતા નકારાત્મક જવાબ આપ્યો હતો. સંજય દત્ત એકે ૫૬ રાયફલ રાખવા અને પુરાવા નષ્ટ કરવાના મામલામાં અપરાધી જાહેર થયો હતો.

## સમાચાર ઝલક

- જુનાગઢના પ્રોફેસરે વોટસ અપ પર જ્ઞાન વધારવાની શરૂ કરી અનોખી ઝુંબેશ.
- ગુજરાતમાં ધુમ્મસ અને ઝાકળ પથરાતાં જીરાને નુકશાન.
- ગીરનારમાં રોપ-વેની લીલીઝંડી - કેન્દ્રની મંજુરી.
- રાજકોટ મહાનગર પાલિકામાં ૯૮ હજારનું બીલ રૂા.૯.૮૮ લાખનું ચુકવાયું ઓડિટમાં ઝડપાયું.
- ગુજરાતના દરિયાકાંઠે ટ્રાસ્ક ફોર્સ કમાન્ડો તૈનાત કરાયા.
- મહાત્મા ગાંધી પર આકાશવાણી ૧૦૦ એપિસોડ પ્રસારણ કરશે.
- સૌરાષ્ટ્ર કચ્છમાં ભુકંપના પાંચ આંચકા.
- રાજકોટમાં સૌપ્રથમ બાળ ફિલ્મ મહોત્સવ યોજાશે.
- આગામી દસકો ભારતના અવકાશ ક્ષેત્રોનો હશે જાણીતા વૈજ્ઞાનિક ડાૅ.રાધાકૃષ્ણન.
- આંધ્રના હરિકોટા ખાતે રેડ એલર્ટ કરાયુ.
- સચિન તેડુલકર પર બનેલ ફિલ્મ ૨૦૦૦ સિનેમાઘરોમાં રિલીઝ થશે.
- ધો-૧૦-૧૨ સી.બી.એસ.ઈ. બોર્ડ પરીક્ષા બીજી માર્ચથી.
- કોઈમ્બુત્તરમાં કૌતુક કારમાંથી ૨૫ કરોડ રૂપિયા રસ્તા પર વેરાયા.
- આ વર્ષે આવી રહ્યા છે. ૪૦૦ કરોડ રૂપિયાના રાઈટસ ઈસ્યુ.
- મુંબઈમાં ધરતીકંપના ૬ની તીવ્રતાવાળાનું જોખમ.
- કોઈપણ કોર્ટ કેસનો નિકાલ પાંચ વર્ષમાં આવશે.
- ભ્રષ્ટ લોકોને નોકરીમાંથી ગમે તે ભોગે ઘરભેગા કરવા જોઈએ. સુપ્રિમ કોર્ટ.
- જૈનોને લઘુમતિના લાભ માટે સ્પષ્ટતા માંગતી સુપ્રિમ કોર્ટ.
- અંગ્રેજી બોલનારા અન્યોથી ૩૪ ટકા કમાણી વધુ કરે છે.
- પેરિસમાં સતત ત્રીજો આતંકવાદી હુમલો મસ્જિદ પર થયો.
- બાંગ્લાદેશમાં વર્લ્ડકપ ટીમમાં પસંદ થયેલ ક્રિકેટર રૂબેલ હુસેન બળાત્કારના આરોપથી જેલમાં.

# બિહાર મુખ્યપ્રધાન તરીકે માંઝીની ટુંકમાં જ વિદાય

પટણા,તા. ૯

બિહારના મુખ્યમંત્રી તરીકે જીતન રામના દિવસો હવે ગણતરીના રહ્યા છે. જેડીયુ અને આરજેડી દ્વારા નવી ગણતરી કરવામાં આવી રહી છે જેના ભાગરુપે મુખ્યમંત્રી તરીકે નીતિશકુમાર અથવા તો વિધાનસભાના અધ્યક્ષ અને અન્ય મહાદલિત ઉદય નારાયણ ચૌધરીની નિમણૂંક કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. લાલૂયાદવની પુત્રી મિશા ભારતીને નાયબ મુખ્યમંત્રી બનાવવાની હિલચાલ ચાલી રહી છે. જેડીયુ અને આરજેડીના કાર્યકરોએ કહ્યું છે કે, માંઝીને બદલી દેવાની યોજના એક સપ્તાહમાં અમલી બનાવી દેવામાં આવશે. ૧૬મી જાન્યુઆરી સુધી અંતિમ નિર્ણય લેવાઈ જશે. બિહારના મુખ્યમંત્રી તરીકે તેમના દિવસો ખુબ ઓછા રહ્યા છે તેવી વાત થોડાક દિવસ પહેલા જ જીતન રામ માંઝીએ જાતે કરી હતી. આવી સ્થિતિમાં બિહારના રાજકારણમાં તર્કવિતર્કોનો દોર શરૂ થયો છે. જેડીયુના જનરલ સેક્રેટરી દ્વારા જણાવવામાં આવ્યું છે કે, વાતચીત ચાલી રહી છે.

# રણબીર અને કેટરીનાએ અંતે સગાઈ કરી : હેવાલ

મુંબઈ,તા. ૯

બોલીવુડ સ્ટાર રણબીર કપૂર અને કેટરીના કૈફે સગાઈ કરી લીધી હોવાના અહેવાલ મળ્યા છે. જો કે, આ અહેવાલને સમર્થન મળી રહ્યું નથી. બંને કલાકારોએ રિલેશનશીપમાં હોવાનો સાફ ઈન્કાર કર્યો છે પરંતુ હવે આ બંનેએ લંડનમાં સગાઈની રિંગની આપલે કરી હોવાના અહેવાલ મળ્યા છે. એવું જાણવા મળ્યું છે કે, ૩૦મી ડિસેમ્બરના દિવસે સંબંધિત પરિવારોની ઉપસ્થિતિમાં લંડનમાં રણબીર કપૂર અને કેટરીના કૈફે સગાઈ કરી લીધી હતી. નવા વર્ષની ઉજવણી કરવા માટે આ બંને પહોંચ્યા હતા. એવી અફવા પણ છે કે,



રાજકુમાર સંતોષીની અજબ પ્રેમ કી ગજબ કહાની ફિલ્મના શૂટિંગ દરમિયાન જ બંને એકબીજાની નજીક આવ્યા હતા. પ્રકાશ ઝાની રાજનીતિ ફિલ્મમાં પણ આ બંને દેખાયા હતા. જેથી અફવાઓને વેગ મળ્યો હતો. રણબીર અને કેટરીના કૈફના સ્પેનિશ ટ્રિપના ફોટાઓ ઓનલાઈન જારી થઈ જતાં તેમના સંબંધોની વાત જાહેર થઈ ગઈ હતી તે વેળા સ્પેનના બીચ ઉપર બંને નજરે પડ્યા હતા. જો કે, આ અહેવાલ આવ્યા હોવા છતાં સંબંધોની કબૂલાત બંને દ્વારા કરાઈ ન હતી. કેટરીના કૈફ અથવા રણબીર બંનેમાંથી કોઈ તરફથી સંબંધો અંગે હજુ ખુલાસો કરાયો નથી. હાલમાં એવા અહેવાલ પણ આવ્યા હતા કે, રણબીર અને કેટરીના બંને એક જ જગ્યાએ રહેવા લાગી ગયા છે. બંનેએ મુંબઈમાં સાથે મળીને વિશાળ આવાસની ખરીદી કરી છે. સગાઈના અહેવાલને સમર્થન ન મળતા ફરીવાર તર્કવિતર્કોનો દોર શરૂ થયો છે. આવનાર દિવસોમાં વધુ ખુલાસા કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે.

# ઈન્ફોસીસના સીઈઓ દ્વારા ૩ હજાર ટોપ પર્ફોમરને આઈફોન-૬ અપાયા

બેંગ્લોર,તા.૯

ઈન્ફોસીસના સીઈઓ વિશાલ સિક્કાએ હોલી-ડેની સિઝન દરમિયાન કંપનીમાં ટોપ પર્ફોમરને આઈફોન-૬ આપ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ, વિશાલ સિક્કાએ કંપની માટે શાનદાર કામગીરી અદા કરવા બદલ ત્રણ હજાર કર્મચારીને આઈફોન-૬ આપ્યા છે. કંપનીના દેખાવને સુધારવા અને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા બદલ આઈફોન આપવામાં આવ્યા છે. કોર્પોરેટ જગત દ્વારા હાલમાં નવા-નવા પ્રયોગ ટોપ પર્ફોમરોને જાળવી રાખવા માટે કરવામાં આવી રહ્યા છે. મળેલી માહિતી મુજબ, ઈન્ફોસીસના કેસમાં પણ આવી જ ભૂમિકા રહેલી છે. ટોપ-૫ આઈટી કંપનીમાં ઈન્ફોસીસ દ્વારા સૌથી જંગી રકમ ચુકવવામાં આવી રહી છે. ૮.૨ અબજ ડોલરની મહાકાય આઈટી કંપની સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં રેટ ૨૦ ટકા સુધી ઉંચો પહોંચ્યો છે.

# પાકિસ્તાની સરહદ પર હાલ ૩૦થી વધુ આતંકવાદી અડ્ડા

નવી દિલ્હી ,તા. ૯

પાકિસ્તાન તરફથી હાલમાં કરવામાં આવી રહેલા યુદ્ધવિરામના સતત ભંગ વચ્ચે હવે એવી ચોંકાવનારી માહિતી મળી છે કે પાકિસ્તાની સરહદ પર હાલમાં ૨૫થી ૩૦ ત્રાસવાદી અડ્ડા પણ ચાલી રહ્યા છે. આ ત્રાસવાદી અડ્ડામાં તમામ પ્રકારીન ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. જેમાં ઘાતક હથિયારોની તાલીમનો સમાવેશ થાય છે. આ બાબત સાબિત કરે છે કે પાકિસ્તાન ત્રાસવાદ સામે પગલાને લઇને બિલ કુલ ગંભીર નથી. આ ત્રાસવાદીઓ પરિસ્થિતીનો લાભ ઉઠાવીને કોઇ પણ સમય ઘુસણખોરી કરવાની તૈયારીમાં છે. પાકિસ્તાની સેનાનો ત્રાસવાદીઓને ખુલ્લો ટેકો છે. કારણ કે તેમની હાજરીમાં તેઓ સક્રિય થયેલા છે. પાકિસ્તાન દ્વારા વારંવાર કરવામાં આવી રહેલા ગોળીબાર પાછળ તેનો ખતરનાક ઇરાદો હોઇ શકે છે. અહેવાલ મુજબ પાકિસ્તાનની સરહદ પર૨૫-૩૦ ત્રાસવાદી અડ્ડા હાલમાં ચાલી રહ્યા છે. છેલ્લા ૪૫ દિવસની અદંર પાકિસ્તાને યુદ્ધવિરામનો અવિરત ભંગ કર્યો છે. જે ખતરનાક સંકેત આપે છે. પાકિસ્તાની સેનાની ચોકીઓમાં ત્રાસવાદીઓ છુપાયેલા છે. છેલ્લા ૪૫ દિવસની અંદર પાકિસ્તાની સેનાએ સતત ભારે ગોળીબાર કર્યો છે.પાકિસ્તાની સરહદ પર ત્રાસવાદીએમ લોન્ચ પેડ પણ બનાવ્યા છે. જે સાબિત કરે છે કે પાકિસ્તાની સેના અને ત્રાસવાદીઓ સાથે મળીને લડી રહ્યા છે. પાકિસ્તાની સેના ગોળીબારના છત્ર હેઠળ ત્રાસાવાદીઓ ઘુસણખોરી કરવા માટે તૈયાર છે. જો કે ભારતીય જવાનો તેમની યોજનાને નિષ્ફળ બનાવવા માટે કમર કસી ચુક્યા છે. હાલમાં પોરબંદર દરિયામાં પાકબોટમાં બ્લાસ્ટ થયા બાદ તકેદારી વધારી દેવાઈ છે.